

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

ડગલે ને પગલે વિશ્વાસઘાત કર્યા કરે છે,
છતાં 'પરિકર' ચીનને વર્તુળ ફર્યા કરે છે,
ચર્ચા કરે છે આપણી જ સરહદોમાં બેશર્મ -
કોણ જાણે કેમ આ વિદેશનીતિ ડર્યા કરે છે?!

### હાઈકુ

ફોર્બ્સ ની યાદી,
રિલાયન્સનાં રાબડી,
નીતા બહેન...
(પાવરફૂલ વેપારી વૂમન?!)

છે સન્માનીય,
'વફાદારી'નો ગુણ -
પોલીસ તંત્રે...
(નિવૃત્ત પો.સ.નું સન્માન)

### ચિંતન

**ચિર પરિચિતા નિત્યુપચારઃ શંક્તિવ્યઃ ॥**

'તમારા જૂના ચિરપરિચિત ઓળખીતા - સ્નેહી-સંબંધી દ્વારા અચાનક તમારા પ્રત્યે પ્રેમ-લાગણી-સેવાભાવ-આદરમાં ઉછાળો આવે તો સમજી લેવું કે દાળમાં કંઈક કાળું છે.'

કેટલાક લોકો તદન સ્વાર્થ પરસ્ત હોય છે, તેમના આચાર-વિચાર-વર્તન-હાવભાવ-વાણી બધું જ સ્વાર્થી સંબંધોની આસપાસ ગરબા લે છે. જયારે પણ જેમાં સ્વાર્થ દેખાય ત્યારે એવા લોકો તદન વિનયી અને સેવાભાવી થઈ પોતાના જૂના પરિચિત તરફ તદન જુદી રીતે વર્તવા લાગે છે. તમને જયારે કોઈ નજીકના સગાં-વહાલાં-સ્નેહીમાં આવો અચાનક ફેરફાર જોવા મળે ત્યારે સાવધ થઈ તમારામાં કેવા ફેરફાર થયા કે આ સ્નેહીશ્રીને અચાનક આવો સ્નેહનો ઉભરો આવ્યો એનું આત્મનિરીક્ષણ કરી લેજો. આવા લાલાઓ લાભ વિના લોટતા નથી એ નિશ્ચિત જ છે.

### સુવિચાર

- વિધાતાએ ચંદનનું વૃક્ષ ફૂલ અને ફળરહિત બનાવ્યું તેમ છતાં તે બીજાનો સંતાપ દૂર કરતું રહે છે - **ઓશો**
- પારકું હોવા છતાં પારકાપણું ન લાગે એવું એકાદ ઘર હોય તો સમજવું કે આ ભવનો ફેરો ફોગટ નથી ગયો - **રોહિત શાહ**
- ચતુર બનવું પણ ચાલાક તો કદી ન બનવું... કારણ કે ચતુરાઈમાં વિશ્વાસનું જતન શક્ય નથી, પણ ચાલાકીમાં વિશ્વાસને ગળે ટૂંપો જ દેવાનો હોય છે - **શ્રીમદ્ વિજય રત્નસુંદર સુરિશ્વરજી**
- ભલે માણસને શાસ્ત્રોનું બહું જ્ઞાન ન હોય, પણ જો એ સદાચારી હોય તો તે દુરાચારી પંડિત કરતાં ચઢિયાતો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકોને તમારામાં ત્યાં સુધી જ રસ છે, જયાં સુધી તમારામાં કંઈક કસ છે - **રાજચંદ્ર**
- માણસ એટલે સ્મિત અને આંસું વચ્ચેનું લોલક - **કવિ બાયરન**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આયુર્વેદના અને અન્ય તબીબો મગજ, યાદશક્તિ માટે વિવિધ પ્રકારના નૂશખા દવાઓ-બતાવે છે. આયુર્વેદવાળા ફળો સૂકામેવા-પાકનું કહે અને તબીબો વીટામીન અને શીરપો પીવડાવે છે. મગજ-મન-સ્મૃતિ માત્ર અનુભવ પરિશ્રમથી જ સુધરે...

વિનોબા ભાવે નાના હતા ત્યારે દરરોજ એમના માતુશ્રી યાદ કરીને, નિયમિત બે બદામ ખાવા માટે આપતાં અને કહેતા 'બદામથી યાદ શક્તિ વધે - શરીરમાં સ્ફૂર્તિ રહે.'

... પણ પિતાજી મને બદામ ખાતાં જોઈને કે સંવાદ જયારે જયારે સાભળે અચૂક કહેતા -

'બેટા! મગજ-યાદશક્તિ દવાઓ નૂશખાથી ન સૂધરે - એના માટે સખત પરિશ્રમ અને વિશાળ અનુભવની જરુર હોય છે.'

પિતાજીની આ સલાહ - મને આજે પણ બદામ ખાવા જેટલી જ શક્તિ-પ્રેરણા આપે છે.

## નારીશક્તિના વિજયનું પર્વ

### તંત્રીસ્થાનેથી...

ગુડી પડવાનો દિવસ મહારાષ્ટ્ર માટે વિશેષ મહિમા ધરાવે છે. વળી ચૈત્રી પ્રતિપદા એ વિક્રમ સંવતનું નવવર્ષ પણ ખરું. ગુજરાત સિવાય દેશમાં બીજા કોઈ રાજયમાં કાર્તિક સંવત્સર નથી. આવા પવિત્ર દિવસે શનિ-શિંગણાપુર ખાતે ચારસો વરસ જૂની પૂજનપ્રથામાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું તે ખરેખર આનંદ અને અભિનંદનનો વિષય છે. આપણા દેશમાં મહિલા વડાપ્રધાન કે મુખ્યમંત્રી બની શકે પણ શનિપૂજા ન કરી શકે તે કેવી વિડંબના છે! સ્ત્રીઓ સાથે જાતિ આધારિત ભેદભાવ રાખવામાં આવે છે તે આપણી સંસ્કૃતિનું નિંદનીય પાસું છે. અનેક મંદિરોમાં સ્ત્રીઓને દૂરથી જ દર્શન કરવા દેવામાં આવે છે. અમુક સંપ્રદાયોમાં તો સાધુ-મહાત્માઓ સ્ત્રીનું મોઢું સુદ્ધાં જોતા નથી. શનિ-શિંગણાપુર કે અમુક હનુમાનની પૂજા સ્ત્રીઓ ન કરી શકે એવી પરંપરાને સ્ત્રીઓ પોતે પણ સ્વીકારીને ચાલતી હતી. પરંતુ એક એવી ઘટના બની જેની નારી શક્તિની છુપાયેલી પીડા પ્રજવલિત થઈ ઊઠી. ગત નવેમ્બરમાં ઓચિંતી એક સ્ત્રી શનિ શિલા પાસે પહોંચી તેલ ચડાવી ગઈ એથી જાણે આભ તૂટી પડ્યું હોય એવો ઊહાપોહ મચી ગયો હતો. મંદિર ટ્રસ્ટ અને ગામ લોકો સહિત બધાએ આ કૃત્યને વખોડ્યું હતું - શનિ શિલાને ગંગાજળથી ધોઈને એ મહિલાના સ્પર્શથી મુક્ત કરાઈ હતી. આ મુદ્દો પુણેમાં ભૂમાતા બ્રિગેડનું નેતૃત્વ કરતાં તૃપ્તિ દેસાઈને મહિલાઓના અપમાન સમાન લાગ્યો અને એમણે અનેક સ્ત્રીઓ સાથે શનિ મંદિરમાં જ એમને લૉ એન્ડ ઑર્ડરના નામે અટકાવ્યાં હતાં. પરંતુ આ મુદ્દે હાઈકોર્ટમાં ધા નાખતાં અદાલતે મંદિર પ્રવેશ અને પૂજા કરવાનો સ્ત્રી-પુરુષને સમાન હક્ક હોવાનો અભિપ્રાય આપ્યો હતો તથા રાજય સરકારને નોટિસ પાઠવી હતી. સમય પારખીને મહારાષ્ટ્રના પ્રગતિશીલ વિચારો ધરાવતાં મુખ્યમંત્રીએ પણ મહિલાઓને મંદિર પ્રવેશ કરવા દેવો જોઈએ એવું વલણ અપનાવ્યું હતું. અલબત ૪૦૦ વર્ષ જૂની પરંપરા સાથે સંકળાયેલ વહેમ અને ડરથી ધ્રૂજતા ગામલોકો તો આજે પણ મહિલાઓના પ્રવેશ મુદ્દે નકારાત્મક વલણ જ ધરાવે છે. પરંતુ ટ્રસ્ટે અદાલતના આદેશને માન આપી એના નીતિ નિયમોમાં ફેરફાર કરી સ્ત્રી-પુરુષ સૌને શનિ દેવની શિલાના પૂજનનો અધિકાર હોવાની જાહેરાત કરી છે. ટ્રસ્ટે સામેથી તૃપ્તિ દેસાઈને પણ નિમંત્રણ પાઠવ્યું અને સરકારે પણ સૌજન્ય સભર વલણ દાખવી શનિદેવને સર્વસુલભ બનાવી દીધા. આમ જુઓ તો ઘટના નાની છે પરંતુ એના પડઘા ઘણા દૂર દૂર સુધી પડશે. નાશિકમાં ઘણાં મંદિરોમાં જયાં જૂના વખતથી સ્ત્રી પ્રવેશ વર્જ્ય ગણાતો હતો ત્યાં સ્ત્રીઓ જઈ શકશે. નારીશક્તિના આ ભવ્ય વિજયને પ્રતીકાત્મક રીતે એકવીસમી સદીમાં મહિલાઓ પુરુષ સમોવડી બની રહી છે, એ સંદર્ભે મૂલવી શકાય. બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા ગાંધીએ દલિતોના મંદિર પ્રવેશ માટે રીતસરની ઝુંબેશ શરુ કરાવી હતી. જે મંદિરોમાં દલિતોને પ્રવેશ ન હોય ત્યાં પોતે પણ દર્શન કરવાં જતાં નહીં. સ્ત્રી તો સંસાર ચક્રનું કેન્દ્ર બિંદુ છે. જો એણે આપણે દુર્ગાનું, શક્તિનું સ્વરુપ ગણીને પણ શનિદેવના શિલાપૂજનના અધિકારથી વંચિત રાખતા હોઈએ તો જરુર આપણા નીયતમાં જ કશીક ખોટ છે. ૮ માર્ચ વિશ્વ મહિલા દિવસ ગણાય છે. ૮ એપ્રિલે ભારતીય મહિલાઓએ ધર્મના મઠાધીશોના કિલ્લામાં બાકોરું પાડીને ચૈત્રી નવરાત્રના પ્રારંભે ભારતીય નારીશક્તિનો પરચો બતાવ્યો છે, તે સૂચક નથી શું?

## વનસ્પતિમાં પાનખર

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર



આપણાં દેશમાં મુક્ય ત્રણ ઋતુઓની વાત કરવામાં આવે છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. હિન્દુ શાસ્ત્રો પણમાં આજ ઋતુઓ વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, અને શિશિર એમ છ ભાગમાં વહેંચવામાં આવી છે. તેને ધ્યાને લઈએ તો ઋતુ દરમિયાન આવતાં પરિવર્તનોનું તેમાં વિસ્તૃત ધ્યાન રખાયું છે.

વનસ્પતિ કે વૃક્ષોમાં પાન ખરવાની ક્રિયા જે સમય ગાળામાં થાય છે તેને પાનખર ઋતુ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. હિન્દુ માસ મહા અને ફાગણ તથા અંગ્રેજી મહિના જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ દરમિયાન ભારતીય ઋતુ શિશિર તરીકે નામ અપાયેલ છે. આ સમયગાળા દરમિયાન વૃક્ષોમાં પાન ખરવાની ઘટના બને છે. અંગ્રેજીમાં પાનખર ઋતુ 'ઑટમન' (Autumn) તરીકે ઓળખાય છે.

વનસ્પતિમાં ખરણ કે પતન ને 'અબ્સીસન' પાન, ફુલ, ફળ, બીજપત્ર, ડાળીઓ વગેરેનું પતન થતું હોય છે. આ પતન જેને અંગની પરિપક્વતા કે વૃદ્ધત્વના કારણે થાય છે. વનસ્પતિના બીજનું અંકુરણ થાય ત્યારે તેના બીજપત્રોનું કાર્ય પૂર્ણ થતાં ખરી પડે છે. ત્યારબાદ જેમ જેમ વનસ્પતિની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ પાનખર પ્રકારના વૃક્ષો કે વનસ્પતિમાં પ્રતિ વર્ષ ચોક્કસ ઋતુ દરમિયાન પાન, ફુલ, ફળ ખરતાં રહે છે.

વનસ્પતિના બીજાંકુર સમયે જે ઉષ્ણતામાન પ્રવર્તતું હોય તેની વનસ્પતિની વૃદ્ધિ અને વિકાસ ઉપર ગણનાપાત્ર અસર થાય છે. પાનખર વૃક્ષોમાં કે વનસ્પતિમાં વર્ષા બાદ ઠંડીની ઋતુનો પ્રારંભ થાય છે તે સમયે વિષમ હવામાનથી બચવા માટે ઘણાં પ્રકારના વૃક્ષો તેમના પાન ખેરવી નાંખે છે. જયારે સદાહરિત (Ever green) વનસ્પતિમાં પર્ણો છૂટછવાયા સમગ્ર વર્ષ દરમિયાન જયારે પરિપક્વ થાય ત્યારે ખરતાં રહે છે. પાનખર વનસ્પતિમાં થોડા જ ગાળામાં સમગ્ર વૃક્ષ કે છોડ પર્ણવિહીન અવસ્થા ધારણ કરે છે તેવું સદા હરિત વનસ્પતિમાં જોવા મળતું નથી.

ઉનાળામાં તાપમાનમાં વધારો થાય છે અને હવામાં ભેજનું પ્રમાણ ઘટે છે. તીવ્ર સૂર્યપ્રકાશ વનસ્પતિના પર્ણો માટે નુકશાન કારક બને છે. વૃક્ષમાં રહેલ ભેજનું બાષ્પીભવન કે ઉત્સર્જન વધી જાય છે. વનસ્પતિ જલસંગ્રહ ટકાવી રાખવા તથા ઉર્જા બચાવવા માટે પર્ણોને ખેરવી નાંખે છે. પર્ણો પર્ણદંડની મદદથી ડાળીઓ સાથે જોડાયેલા હોય છે. ડાળીઓ અને પર્ણદંડને વૃક્ષના થડમાંથી જલ કે પોષકતત્ત્વો મળતાં રહે છે, વહન થતું રહે છે. પર્ણદંડ ભાગમાં રહેલાં કોષો પાનખર ઋતુ દરમિયાન ફૂલી જાય છે અને ડાળી કે થડ સાથે જોડાયેલ પર્ણ તરફનું વહન અટકી જાય છે. પર્ણદંડના કોષો ઉપરની તરફથી અલગ થઈને તિરાડ ઊભી કરે છે અને પર્ણને વિખેરી દે છે. પર્ણો ખરીને નીચે પડે છે.



પર્ણો ખરી પડે ત્યારે તેમાં કલોરોફીલ (હરિત કણ) રંગ દ્રવ્યનો અભાવ પેદા થતો હોઈ તે પીળા રંગના, લાલ રંગના કે કથ્થાઈ રંગના થઈ જાય છે. લીમડાના પર્ણો ખરે ત્યારે તે પીળા રંગના, બદામના પર્ણો ખરે ત્યારે લાલાશ પડતાં રંગના અને આંબાના પર્ણો ખરે ત્યારે કથ્થાઈ રંગના હોય છે.

પર્ણો જે ભાગથી ખર્યા હોય ત્યાં ઝડપથી નવું આવરણ છવાઈ જાય છે. જેથી પાન ખર્યું હોય તે ભાગ પછીથી ઢંકાઈ જાય છે અને પર્ણ કયાંથી ખર્યું હતું તેનું નિશાન પણ રહેતું નથી.

પાનખર સમયે પર્ણવિહીન વૈરાગી જેવું લાગતું વૃક્ષ કે વનસ્પતિ વસંત ઋતુમાં રંગબેરંગી ફુલોથી છવાઈ જઈને વરણાગીરુપ ધારણ કરે છે. ઘણાં વૃક્ષો પર એક પણ પર્ણ જોવા ન મળે અને આખું વૃક્ષ ફુલોથી છવાઈ ગયું હોય તેવું બને છે. ખાખરા, પોંગારો, સીમળો, મોદડ જેવા વૃક્ષોનું આવું દશ્ય ખુબ જ સામાન્ય છે. સંપૂર્ણ પર્ણો ખરેલા વૃક્ષો પર ફુલોનું આચ્છાદન પરાગનયનમાં મદદરુપ બનતાં પતંગિયા, માખીઓ, ભમરાં તથા પક્ષીઓને જોવામાં અને મધુરસ ચુસીને પરાગરજ વહન કરવામાં અવરોધ ઘટાડી દે છે. પવનથી પરાગરજ ઉડીને વહન થાય તે દરમિયાન પણ પર્ણો નડતરરુપ બનતાં નથી.

કુદરતના પ્રત્યેક કાર્યો પાછળ કારણો હોય છે. પાનખર પણ કુદરતના અસ્તિત્વ ટકાવી રાખવાના કાર્યોનો એક ભાગ છે.

## પાની...રે...પાની !!!

રજળપાટ
અજય ઉપાધ્યાય



મધ્યપ્રદેશનો એક એરિયા છે તીકમગઢ અને એની પાસેથી નીકળે છે જમુનીયા નદી અને આ જમુનીયા નદીના કાંઠા પર છે હથિયારધારી લોકોનો પહેરો. તમને નવાઈ લાગશે કે આ એ ભારત દેશ છે કે જયાં પાણીની પરબોની સેંકડો નાંદો કે ખળખળતી અનેક નદીઓના ઘૂઘવાતા પાણી બેરોકટોક બધાના ઉપયોગ માટે સદૈવ ખુલ્લા રહેતા એની જગ્યાએ પરબ તો ઠીક પણ નદી પર પણ હથિયારધારી લોકોએ પહેરો રાખવો પડે છે. અને કારણ શું ? તો કહે કે બાજુના ઉત્તરપ્રદેશના ખેડૂતો પમ્પ લગાવીને પાણી ચોરી લે નહિ એટલા માટે ખુદ તીક્મગઢના નગરપાલિકાના અધ્યક્ષે જ આ અનોખી સુરક્ષા નદીના કાંઠે જ ગોઠવી દીધી છે. ઉત્તરપ્રદેશના કિસાનો પાણી ચોરી જાય એને રોકવા માટે આ જડબેસલાક સુરક્ષા રાખી છે એ તો એક અને જરા સાઈડનું કારણ થયું પણ મુખ્ય કારણ છે મધ્યપ્રદેશ પર પડેલો દુષ્કાળનો વિકરાળ પંજો...!!! જી હા, દેશના બીજા રાજ્યોની જેમ મધ્યપ્રદેશ પણ પાણીની તંગીના દોરમાંથી પસાર થઈ રહ્યો છે અને એના પાપે દુષ્કાળના ભયાનક ડાકલાના આવજો પણ સંભળાવા માંડ્યા છે...!!!

તિકમગઢ જેવો જ ગુસ્સો હમણાં બુધવારે માનનીય સુપ્રીમ કોર્ટે પણ બતાવ્યો. કેન્દ્ર સરકારની ધૂળ કાઢી નાખતા સુપ્રીમ કોર્ટના જજોએ ચુકાદો નહિ પણ ઓલમોસ્ટ હુકમ જ કર્યો કે દેશમાં પાણીની તંગી અને દુષ્કાળનો માર સહન કરતા ૯ રાજ્યોમાં લોકોને પાણી અને દુષ્કાળથી મરતા અટકાવવા સરકારે શું પગલા લીધા? કોર્ટે તો ત્યાં સુધી કહ્યું કે સરકાર આવી રીતે મરતા લોકોની યાતનાઓ અને મુશ્કેલીઓથી પોતાને અલગ કેવી રીતે રાખી શકે ? કોર્ટે દુષ્કાળ પ્રભાવિત રાજ્યોમાં અન્ન વ્યવસ્થા, રોજગાર વ્યવસ્થા અને પીવાના પાણીની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે ગોઠવવાનો આદેશ પણ આપ્યો. કોર્ટે સ્પષ્ટ આદેશ આપ્યો કે મનરેગા યોજના અંતર્ગત રાજ્યોને મળતા પૈસા તરતજ ચૂકવાય જાય, અત્યારે જ અને હમણાં જ. તાપમાન ૪૫ ડીગ્રીથી ઉપર જઈ રહ્યું છે, પાણીની ભયંકર કટોકટી બની ચુકી છે એવામાં જો રાજ્યોને પૈસા નહિ મળે તો લોકો તરફડશે. પરિસ્થિતિ વધુ ગંભીર બનશે..જો કે પરિસ્થિતિ ઓલમોસ્ટ સીરીયસ થતી જ જાય છે.

હજુ એકાદ મહિના પહેલા જ આ જગ્યાએ શિયાળો વહેલો ગયો અને ભીષણ ઉનાળો આવી રહ્યો છે એવા આગમના એંધાણ આપતો લેખ લખેલો ત્યારે ખ્યાલ હતો જ કે આ વખતે નબળા ચોમાસાને લીધે પાણીની તંગી અને ગરમીનો માર બંને દેશવાસીઓની કસોટી કરવાના. ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાના, યુ.પી., મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર અને હરિયાણાના ઘણા તાલુકા-જિલ્લાઓને ઓલરેડી દુષ્કાળગ્રસ્ત જાહેર કરી દેવાયા છે. તીક્મગઢ જેવા દશ્યો અને સમાચારો ઠેકઠેકાણેથી આવી રહ્યા છે. દુષ્કાળ અને પાણીની તંગીનો સૌથી વધુ ભોગ બનનાર મહારાષ્ટ્રના લાતુર જીલ્લામાં તો કુવા, જળાશયો જેવા પાણીના સંગ્રહ સ્થાનો પર દંગા-ફસાદ થવાના ડરે કલમ ૧૪૪ લગાડી દેવાઈ છે. પાણીના સ્ત્રોતો પર પોલીસ પહેરા ગોઠવી દેવાયા છે. પરભણીમાં પણ એક મહિના માટે ૧૪૪મી કલમ લાગુ કરી દેવાઈ છે. લાતુર નગરપાલિકાએ તો પાણીની ૬ એ ૬ ટાંકીઓ પર પોલીસ ગોઠવી દીધી છે ઈનફેક્ટ એક ટાંકી પાસે તો પોલીસ ચોકી જ બનાવી દીધી છે. લાતુરમાં પાણીના ઝગડા આમ વાત થઈ ચુકી છે. લોકો બુંદ બુંદ પાણી માટે રીતસર વલખા મારી રહ્યા છે.

દુષ્કાળના આ બિહામણા ડાકલા માટે અલનીનોનો પ્રતાપ કહો કે પછી પાણીની આ કિલ્લત માટે આપણી વહીવટી અને પ્રશાસનીક અણઆવડત કહો કે પછી રાજ્યો અને કેન્દ્રની ઉદાસીનતા કહો, પણ હકીકત એ છે કે એપ્રિલની શરૂઆત જ એકદમ ગરમ થઈ છે અને ઉપરથી આ ચોમાસું એવરેજ કરતા પણ ઓછું વરસ્યું છે જેના પ્રતાપે હજુ તો એપ્રિલ શરુ જ થયો છે અને ચારેકોરથી પાણી...પાણીની બુમરાણો શરુ થઈ ગઈ છે. દેશમાં સતત બે વર્ષ ચોમાસું નબળું રહ્યું છે. ૨૦૧૪મા ૧૨% અને ૨૦૧૫મા ૧૪% ઓછો વરસાદ વરસ્યો છે. સ્વાભાવિક છે કે જળ જ જીવન હોય ત્યારે જળ વગર તો જીવવું જ મુશ્કેલ થઈ જ જવાનું ને ? અને ઉપરથી ભીષણ ગરમી. એકલા તેલંગાનામાં જ જીવલેણ ગરમીને લીધે ૬ એપ્રિલ સુધીમાં ૬૬ લોકોનો ભોગ લેવાય ગયો છે અને આ તો સરકારી આંકડો છે. સાચો આંકડો તો આનાથી પણ વધુ જ હશે. મહારાષ્ટ્રના નાસિકનો ગોદાવરી ઘાટ કે જે હમેશા છલોછલ રહેતો એ ૧૩૯ વર્ષોના ઈતિહાસમાં પહેલી વાર સુક્કોભઠ્ઠ થઈ ગયો છે. મહારાષ્ટ્રને તો દાજ્યા પર ડામની જેમ આ સતત બીજો દુષ્કાળ ડોકિયા કાઢી રહ્યો છે. છેલ્લા ૪૦ વર્ષોમાં મહારાષ્ટ્રે પાણીની આવી તંગી અને દુષ્કાળ જોયો નથી.

આપણા ગુજરાતમાં પણ સ્થિતિ ભલે હજુ એટલી વિકરાળ ના થઈ હોય પણ હકીકત એ છે કે રાજ્યના મોટાભાગના જળાશયોમાં પાણીની માત્રા ઓછી થતી જાય છે.કોર્ટે તો ગુજરાત સરકારને પણ ફટકાર લગાવી છે કે સપ્ટેમ્બરમાં જ ખબર પડી ગઈ હતી કે આ વખતે પાણીની તંગી સર્જાવાની તો છેક એપ્રિલ સુધી શા માટે રાહ જોઈ દુષ્કાળ જાહેર કરવાની?

સૌરાષ્ટ્ર અને કચ્છમાં લગભગ બધા જ ડેમના તળિયા દેખાવા માંડ્યા છે. રાજ્ય સરકારે સર્વે કરીને ૬૨૩ ગામોને દુષ્કાળ ગ્રસ્ત જાહેર કર્યા છે પણ વાસ્તવિકતા આનાથી અનેક ગણી વધારે બિહામણી છે. હજુ તો એપ્રિલ શરુ થયો છે અને આખો ઉનાળો કાઢવો બાકી છે. સૌરાષ્ટ્રના જળાશયોમાં માંડ ૧૦ થી ૨૦% પાણી બચ્યું છે જેના લીધે આગામી એકાદ મહિના પછી પાણીના પોકારો ઉઠવાની શરૂઆત થઈ જવાની એ નક્કી છે.

ભારતનું એક બીજું મોટું અને મહત્વના રાજ્ય ઉત્તરપ્રદેશમાં પણ સ્થિતિ દિવસે દિવસે ભયંકર થતી જાય છે. બુંદેલખંડ સહીત રાજ્યના બીજા ૫૦ પ્રદેશો પાણી અને દુષ્કાળનો માર ખાઈ રહ્યા છે. મધ્યપ્રદેશના ૪૬ જિલ્લાઓમાં દુષ્કાળની ભયાનક અસર છે તો છતીસગઢના લગભગ ૧૫૦ તાલુકાઓ આની ઝપેટમાં આવી ગ્યા છે. છતીસગઢમાં તો સ્થતિ કેટલી વિકરાળ બનશે એનો અંદાઝ એ વાત પરથી આવી જાય કે ત્યાના ડેમોમાં ફક્ત ૩૦% જેટલું જ પાણી બચ્યું છે તો મધ્યપ્રદેશમાં હજુ તો એપ્રિલ શરુ જ થયો છે ને અર્ધાથી વધુ ડેમોમાં માત્ર ૧૦% જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.યુપી અને એમપી બંનેમાં આવતા બુન્દેલખંડમાંથી લગભગ ૬૨ લાખથી વધુ ખેડૂતો અને મજૂરો માદરેવતન મુકીને બીજી જગ્યાએ શિફ્ટ થઈ ગયા છે. મહારાષ્ટ્રમાં ૨૬૦૦૦ ગામડાઓ દુષ્કાળના લીસ્ટમાં નામ નોંધાવી ચુક્યા છે. મરાઠવાડના ૨૫ લાખ જેવા ખેડૂતો પોતાનો જીવ બચાવવા બીજી જગ્યાએ નાસી ચુક્યા છે. અહિયાં ગામોના ગામો સાવ ખાલીખમ્મ થઈ ચુક્યા છે. જેમાંથી મુંબઈને પાણી મળે છે એ મુંબઈ આસપાસ આવેલા તળાવોમાં ફક્ત બે જ મહિના ચાલે એટલું પાણી ઉપલબ્ધ છે.

૨૫% થી ઓછો વરસાદ થાય એવા પ્રદેશોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી શકાય છે પણ જો ઓછા વરસાદમાં પણ પાણીનો યોગ્ય સંગ્રહ કરી શકીએ તો આવા દિવસો જોવાના ના આવે. પણ અફસોસ કે ૧૪% જેવો ઓછો વરસાદ હોવા છતાં પણ મોટાભાગના રાજ્યો પાણીનો સિંચાઈ કે પીવાના હેતુ વ્યવસ્થિત સંગ્રહ કરવામાં નિષ્ફળ રહે ત્યારે પણ દુષ્કાળના ડોકાચીયા ચાલુ થઈ જ જાય છે. દુષ્કાળ ના પડે પણ ખેતરો સુધી કે લોકોના ઘરના નળ સુધી પાણી પહોચાડી ના શકાય એ પણ એક પ્રકારનો


અનુસંધાન પાના નં. ૭ પર

## શબ્દ અને સંવેદનાથી દૃશ્યબદ્ધ થયેલા પ્રવાસ નિબંધો - સફરનાં સંભારણાં

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ



ગુજરાતી સાહિત્યમાં પ્રવાસકથા લખાવાની શરુઆત આમ તો મધ્યકાળના ''સંદેશકરાસક''થી થઈ છે. પરંતુ વિધિવત એની શરુઆત અર્વાચીન યુગમાં દલપતરામે લખેલા ''બાપાની પીંપળ'' કાવ્યથી થાય છે. પરંતુ ગદ્યરૂપે તો નવલરામે '' ગુજરાતની મુસાફરી''માં ગુજરાતના ઘણા પ્રદેશોનું વર્ણન કરેલું છે. પણ જેને સાહિત્યિક રીતે પ્રવાસગ્રંથ કહી શકાય એવું પ્રથમ પુસ્તક તો આપણને મહીપતરામ નીલકંઠ ''ઈંગ્લેન્ડની મુસાફરી'' નામે આપે છે. જો કે કલાપીએ પણ નાની ઉંમરે ''કાશ્મીરનો પ્રવાસ'' ગુજરાતી ભાષાને આપ્યો છે. સ્ત્રી લેખિકાની દૃષ્ટિએ જોઈએ તો ગોંડલના મહારાણી નંદકુંવરબાએ 'પરિક્રમા' માં દુનિયાના ઘણા દેશોની મુસાફરીનું વર્ણન આપ્યું છે. આ પ્રવાસ સાહિત્યની પ્રવાસગંગા છેક ગાંધીનગરના લેખિકા શ્રી જ્યોત્સના ઝવેરી સુધી લંબાય છે. પોણી સદીના ઉંબરે નિરાંતે બેસીને જિંદગીના જુદા જુદા સમયખંડોમાં કરેલા પ્રવાસોની નયનરમ્ય - રંગીન પૃષ્ઠો પર અંકાયેલી એમની પ્રવાસકથાઓ એકદમ ભવ્ય અને આકર્ષક લાગે છે.




વર્ષો સુધી ભાષા નિયામકની કચેરીમાં પોતાની સેવાઓ આપનાર શ્રી જ્યોત્સનાબહેન ખુબ જ સુંદર રંગીન તસવીરો સાથે પોતાના પ્રવાસાનૂભવને જીવંત બનાવે છે. આ પ્રવાસયાત્રા ગ્રંથની ભાવયાત્રા શરું થાય છે. અમદાવાદની પોળોથી. ૬૦૦ વર્ષ પહેલા બનેલી અમદાવાદની પોળોનો વૈભવ અને અત્યારના અમદાવાદની વિકાસયાત્રાનું સાયુજ્ય ખુબ સરળતાથી સધાયું છે. તો વળી તાનારીરી સંગીતના સૂરબદ્ધ જેવા લયબદ્ધ શિલ્પ સ્થાપત્યની યાત્રા સંદર્ભે મોઢેરાના સૂર્ય મંદિરની વ્યૂત્પતિકથા, એનું મહત્વ - સૂર્યકૂંડ - રંગમંડપની વાત એમાં ચીતરાયેલા રામાયણના પ્રસંગોની જાણકારી, રાણી ઉદયમતીએ બંધાવેલી પાટણની સુપ્રસિદ્ધ ''રાણકી વાવ ''નો ભવ્ય ઈતિહાસ અને પાટણના પટોળા, તેની વણાટની ટેકનિક - ડિઝાઈનની વાત ખુબ જ રસપ્રદ રીતે પ્રસ્તુત થઈ છે. તો વળી વડનગરના તોરણોની અને નરસિંહ મહેતાની પૌત્રી શર્મિષ્ઠાની બે દીકરીઓ તાના અને રીરીની કથા પણ સંગીતપ્રેમીઓને જ્ઞાન પ્રેરે છે.

આ ગ્રંથમાં નરસિંહ મહેતાના ભજન સાથે આલેખાતો એક પ્રવાસ જૂનાગઢ - ગરવા ગિરનારનો પણ છે. જેની ધરતી પર રા'ખેંગાર - રાણકદેવીની અમર પ્રેમકથા, અશોકનો શિલાલેખ મળી આવે છે. એવા સાસણગીરના જંગલમાં સિંહ દર્શન ભાવકો પણ અનુભવે છે. સોમનાથ, જૈન મંદિરો, ભાલકા તીર્થ, હિરણ્ય, કપિલા અને સરસ્વતીનો ત્રિવેણી સંગમ, ઉનાનું જૈન તીર્થસ્થાન - અજારા, મોજ મસ્તીનું રમણીય સ્થળ દીવ અને તુલસીશ્યામની આખી પ્રકૃત્તિ આપણને એક અલગ જ વિશ્વમાં લઈ જાય છે.

''કચ્છડો બારેમાસ'' માં કચ્છી સંસ્કૃતિ, બાંધણી, શૌર્ય, વીરત્વ અને ખમીરની વાત, માંડવીનો બીચ, સુથરી તીર્થ, કોઠારા, નલિયા, જખૌ, તેરા, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ વગેરે સ્થળોની મુલાકાતની વાત અહી રજુ થઈ છે.

લેખિકા અહીં ગુજરાત બહારના કરેલા પ્રવાસના સંસ્મરણો પણ નિરુપે છે. ''પૂર્વભારતનો પ્રવાસ'' માં આરંભે જ કલકત્તા સ્ટેશને જોયેલી ગરીબાઈનું કારૂણ્ય દશ્ય, બેલુર મઠ, પ્રાણી સંગ્રહાલય, જગન્નાથપુરી અને તેનો ઘૂઘવતો દરિયો, કોણાર્કનું સુપ્રસિદ્ધ સૂર્યમંદિર, ભૂવનેશ્વર, બનારસ, નાલંદા, ગંગાઘાટ પર બેસીને જોયેલા સ્વપ્નો અને કવિ જગન્નાથની ગંગાલહેરીનું થયેલું સ્મરણ ભાવકોને પણ છેક બુધ્ધં શરણં ગચ્છામી સુધીની ભાવયાત્રામાં લઈ જાય છે.

લેખિકાની અને વાંચકોની ''સિક્કીમની યાત્રા'' ત્યાંના અદભુત પ્રાકૃત્તિક સૈન્દર્યની નયનરમ્ય છબિ ને કાવ્યપંક્તિથી થાય છે. ગંગટોકની અદભુત દુનિયા, ત્યાંના લોકો, બૌધમઠ અને સ્તૂપો, ભારત-ચીનની સરહદે ૧૨ હજાર ફૂટની ઊંચાઈએ આવેલા ''ત્સોમોંગો'' સરોવરનું શાબ્દિક અને ચાક્ષુશ સૌન્દર્ય તો વળી આઠ હજાર ફૂટની ઊંચાઈએ આવેલું 'લાચૂંગ ભૂતિયા ગામ' અહીં આસપાસ ખીલતા રંગબેરંગી ફૂલો - હરીયાળી, સેવન સિસ્ટર ફૉલ, સાતમી આઠમી સદીના બૌદ્ધના મંદિરો, એના સ્તૂપોની કલાત્મકતા, એની ઊંડી ખીણો, કોતરો, કાંચનજંઘાનું દર્શન, દાર્જિલિંગનું હરિયાળું દર્શન, ચાના બગીચાઓની મુલાકાત, પશુપતિનાથ માર્કેટ... આ બધુ અહીં કાવ્યાત્મક રીતે શબ્દબદ્ધ થયું અનુભવી શકાય છે.

અહીં બીજો એક પ્રવાસ જયપુર, દિલ્હી અને હરિદ્વારનો છે. જેમાં જયપુર અને દિલ્હીની ઐતિહાસિક ઈમારતોની ઝીણવટભરી નોંધ અને લેખન વાંચકોને દિલ્હી જયપુરની સડકો ઉપર ફરતા કરી દે છે. તો વળી હરિદ્વારની હરકી પૈડીની રાત્રીની આરતીના દર્શન અને ફોટોગ્રાફ ખુબ જ આકર્ષક બની રહે છે. ઋષિકેશના લક્ષ્મણઝૂલાની પર્વત ઉપરથી લેવાયેલી તસવીર અદભુત કાવ્ય બની રહે છે. આગ્રાની મુલાકાત અને તેના ઈતિહાસની ઝાંખી પણ અહીં મળે છે. કૃષ્ણની જન્મભૂમિ એવા મથુરા જવાનું પણ આ લેખિકા ચૂકતા નથી. અહીનું જનજીવન, પૂજારીઓ-ભક્તોની દુનિયા, પૂજાની સાથે સાથે મંદિરોમાં થતો વ્યાપાર, યમુનાજીમાં નૌકા વિહાર, ગોકુળ દર્શન સાથે વૃન્દાવનના કેટલાય મંદિરોની થતી મુલાકાત, સાથે સાથે બાળકૃષ્ણના ચમત્કારિક પ્રસંગોની રજુઆત લેખિકાનું આપણી સંસ્કૃતિ પ્રત્યેનું જ્ઞાન દર્શાવે છે. અમૃતસરમાં થયેલું અનોખું રક્ષા બંધન પણ અહીં યાદગાર રીતે શબ્દસ્થ થયું છે. સુવર્ણમંદિર, જલિયાંવાલા બાગ, બાઘા બોર્ડર પર દરરોજ સાંજે યોજાતી ભારત - પાકિસ્તાનની પરેડની લાઈવ રજુઆત અને જલિયાંવાલા બાગમાં થયેલા હત્યાકાંડનું શાબ્દિક ચિત્ર આપણને એ સમયમાં ખેંચી જાય છે.

ભારતનું મધ્યબિંદુ - મધ્યપ્રદેશની યાત્રા સૌપ્રથમ ભાવકોને ઉજજૈન લઈ જાય છે. સિંહાસન બત્રીસી અને વૈતાલ પચ્ચીસી જેવી લોકકથાઓ જ્યાંથી મળી છે. એવી આ સાંસ્કૃતિક નગરી એ શાકુંતલ અને મેઘદૂત જેવા અમરગ્રંથોની ભૂમિ બને રહે છે. અહીંની આસપાસના જૈન મંદિરો, ધર્મશાળાઓની વિગતો ઉપયોગી બની રહે છે. માંડુના રાણી રૂપમતીના મહેલ સંદર્ભે આરંભાતી માંડુના ઈતિહાસની વાત - પ્રેમની વાત અને રાણીના મહેલની ભવ્ય તસવીર એકદમ જીવંત લાગે છે. ત્યાંથી ઈન્દોરના રાજવાડા માર્કેટની ખરીદી, નવગ્રહમંદિર, પંચમઢીનું અપ્રિતમ સૌન્દર્ય, સાતપુડા પર્વતોની હારમાળાઓ, જડીબુટ્ટીઓ, આદિવાસી સંસ્કૃતિ અને પર્વતોમાંથી પડતા પાણીના શ્વેત ધોધનું પ્રાકૃતિક દૃશ્ય સૌ કોઈને મોહિત કરે છે.

આ ગ્રંથમાં લેખિકાએ કરેલી ભારતીય સંસ્કૃતિના કલાત્મક વારસાના પ્રતિનિધિ જેવા ખજુરાહોની ભાવયાત્રા પણ ગ્રંથસ્થ થઈ છે. ખજુરાહોની

અનુસંધાન પાના નં. ૭ પર